Seat No. : ______________

# NQ-110

**December-2015**

**B.Com., Sem.-I**

**CE-101A : Advanced Accounting & Auditing**
**(Financial Accounting-I)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** જરૂરી ગણતરીઓ જવાબના ભાગરૂપે દર્શાવો.

1. (a) સૌમ્યા, જુહી અને સોનાલી 4 : 5 : 1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમનું સરવૈયું નીચે મુજબ છે : 7

| દેવાં | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| લેણદારો | 50,000 | હાથ પર રોકડ | 15,000 |
| સૌમ્યાની લોન | 30,000 | સ્થિર મિલકતો | 1,80,000 |
| જુહીની લોન | 15,000 | રોકાણો | 1,07,000 |
| અનામત ભંડોળ | 18,000 | | |
| આકસ્મિક અનામત | 75,000 | | |
| મૂડી : | | | |
| સૌમ્યા | 75,000 | | |
| જુહી | 24,000 | | |
| સોનાલી | 15,000 | | |
| | 3,02,000 | | 3,02,000 |

તેમની પેઢીનું વિસર્જન થયું અને મિલકતોના નીચે મુજબ ઉપજ્યા :

– પ્રથમ હપતો ₹ 50,000

– બીજો હપતો ₹ 1,85,000

વિસર્જનની તારીખે એક આકસ્મિક જવાબદારી ₹ 5,000ની હતી, જે બીજા હપતા વખતે ₹ 3,500માં ચૂકતે કરવામાં આવી.

વિસર્જન ખર્ચ ₹ 10,000 અંદાજવામાં આવ્યો હતો, પણ ખરેખર ખર્ચ ₹ 7,500 થયો હતો.

બીજા હપતા વખતે ₹ 2,500નો સ્ટોક સોનાલી લઈ ગઈ હતી.

જેની હિસાબોમાં જોગવાઈ કરી ન હતી, જેથી રકમ ₹ 3,000 પેઢીને બીજા હપતા વખતે ચૂકવવી પડી.

"મહત્તમ નુકસાનની પદ્ધતિથી" રોકડની વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**અથવા**

@geniusguruji

(a) રોકડની હપતે-હપતે વહેંચણી માટેની "મહત્તમ નુકસાનની પદ્ધતિ", "મૂડી વધારાની પદ્ધતિ"થી કેવી રીતે અલગ છે, તે ટૂંકમાં સમજાવો અને નીચેની માહિતી પરથી મૂડી વધારાની રીત અપનાવી રોકડની વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

વેલજી, હસમુખ અને દિનેશ 3 : 2 : 1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો હતા. છેલ્લાં હપતાની ચૂકવણી વખતે તેમની મૂડીની સ્થિતી અનુક્રમે ₹ 90,000, ₹ 75,000 અને ₹ 40,000 હતી. છેલ્લો હપતો ₹ 35,500નો મિલકતોના વેચાણમાંથી મેળવાયેલ હતો. વિસર્જન ખર્ચ માટે અનામત રખાયેલ ₹ 7,500માંથી ₹ 6,000 ખર્ચાયેલ હતા.

(b) એક ભાગીદારી પેઢીનો ધંધો 01-01-2013થી ખરીદી લેવા તા 01-04-2013ના રોજ વૈદેહી લિમિટેડની સ્થાપના કરવામાં આવી. તા. 31-12-2013ના રોજ પૂરા થતા વર્ષની નીચેની માહિતી પરથી સ્થાપના પહેલાના તથા સ્થાપના પછીના નફાની ગણતરી કરો : 7

(1) તા. 31-12-2013ના રોજ પૂરા થતા વર્ષનું વેચાણ ₹ 12,00,000 છે. જે પૈકી તા. 01-01-2013 થી 31-03-2013 ના રોજ સુધીનું વેચાણ ₹ 2,40,000 છે.

(2) તા. 31-12-2013ના રોજ પૂરા થતા વર્ષના આખા વર્ષનો વેપાર ખાતાનો કાચો નફો ₹ 4,80,000 છે. નફા-નુકસાન ખાતાને લગતી વિગતો નીચે મુજબ છે :

| | ₹ |
|---|---|
| ભાડું અને વેરા | 39,000 |
| કર્મચારીનો પગાર | 72,000 |
| ડિબેંચર વ્યાજ | 18,000 |
| સામાન્ય ખર્ચ | 12,000 |
| ઓડીટ ફી | 1,500 |
| ડાયરેક્ટર ફી | 7,500 |
| સ્થાપના ખર્ચ | 6,000 |
| વેચાણ કમીશન | 24,000 |

**અથવા**

નોંધણી પહેલાંનો નફો એટલે શું ? નોંધણી પહેલાનો નફો શેરહોલ્ડરોન રીકે વહેંચી શકાય કે નહિ ? જરૂરી કારણો સહિત સમજાવો.

2. આશના લિમિટેડની સત્તાવાર થાપણ ₹ 100નો એક એવા 1,25,000 ઈક્વિટી શેરોમાં વહેંચાયેલ ₹ 1,25,00,000ની છે. કંપનીએ 40% મૂડી જાહેર જનતા માટે 20% પ્રીમિયમથી બહાર પાડી હતી : **14**

શેરદીઠ રકમ નીચે મુજબ ચૂકવવાની હતી :

| | |
|---|---|
| અરજી સાથે | ₹ 20 |
| મંજૂરી સાથે | ₹ 40 (પ્રીમિયમ સાથે ) |
| પ્રથમ હપતા સાથે | ₹ 30 |
| બીજા હપતા સાથે | ₹ 30 |

શેર વહેંચણી નીચે પ્રમાણે કરવામાં આવી :

| | |
|---|---|
| પૂરેપૂરા મંજૂર કરેલ | 25,000 શેર |
| અરજીના 2/3 ભાગે શેર વહેંચણી | 20,000 શેર |
| અરજીના 1/4 ભાગે શેર વહેંચણી | 5,000 શેર |
| | **50,000 શેર** |



@geniusguruji

5,000 શેર ઉપરની અરજીઓ નામંજૂર કરાઈ અને તેમને નાણાં પાછા અપાયા. અરજી સાથે આવેલા વધારાના નાણાં મંજૂરી અને હપતા પેટે લઈ જવાય છે.

પ્રવિણ કે જેને "પૂરે પૂરા મંજૂર કરેલ શેરના ધોરણે" 1,000 શેર ફાળવાયા હતા, તેના દ્વારા પ્રથમ હપતાના નાણાં, મંજૂરી વખતે જ ચૂકવ્યા હતા, ત્યારબાદ તે કંપનીને કશુ જ ચૂકવાતું નથી.

કવિતા કે જેને શેર અરજીના 2/3 ભાગે "શેર વહેંચણીન 800 શેરની વહેંચણી કરવામાં આવી હતી તે મંજૂરી અને પ્રથમ હપતાના નાણાં ભરવામાં નિષ્ફળ થઈ અને તેના શેર પ્રથમ હપતા બાદ જપ્ત કરવામાં આવ્યા.

બીજા હપ્તાના નાણાં મંગાવ્યા બાદ કંપની દ્વારા પ્રવિણના બધા જ શેર જપ્ત કરાયા. જપ્તી બાદ 50% પ્રવિણના અને 70% કવિતાના શેર કંપની દ્વારા ₹ 8ના ભાવે પૂર્ણ ભરપાઈ થયેલ તારીખે ફરીથી બહાર પડાયા અને શેર ઉપર નાણાં મેળવાયા.

આશના કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

**અથવા**

(a) મિ. આમીર દ્વારા પોતાના 300 શેર ઉપર શેરદીઠ ₹ 5, ₹ 2 પ્રીમિયમ સહિત ચૂકવાયેલ નથી. કંપની દ્વારા તેના બધા જ શેર જપ્ત કરવામાં આવ્યા. મિ. શાહરૂખ દ્વારા તેના 600 શેર ઉપર ₹ 3 ચૂકવાયેલ નથી. કંપની દ્વારા તે શેરો જરૂરી નોટિસ બાદ જપ્ત કરાયા. બંનેના શેરોની મૂળકિંમત ₹ 10ની હતી. જપ્તી બાદ કંપની દ્વારા આમીરના માંથી 70% અને શાહરૂખના કુલ શેરમાંથી 50% શેર મિ. ગંગુ તેલીને ₹ 7ના ભ ભરપાઈ તારીખે આપવામાં આવ્યા. કંપનીના ચોપડે જપ્તીની જરૂરી આમનોંધ લખો અને કંપનીના ચોપડામાં શેર જપ્તી ખાતું તૈયાર કરો. 7

(b) બાબાજી લિ.ના ચોપડામાં શેર જપ્તી ખાતું નીચે મુજબ છે :

ઉ. **શેરજપ્તી ખાતું** જ.

| વિગતો | ₹ | વિગતો | ₹ |
|---|---|---|---|
| શેરમૂડી ખાતે | 1,400 | શેરમૂડી ખાતે | 8,400 |
| મૂડી અનામત ખાતે | 700 | | |
| બાકી આગળ લઈ ગયા | 6,300 | | |
| | **8,400** | | **8,400** |

શેરની મૂળકિંમત ₹ 100 હતી અને ₹ 40 શેરદીઠ ભરપાઈ થયા ન હતા, તેથી શેરો જપ્ત કરવામાં આવ્યા હતા અને તેમાંથી અમુક શેર ફરીથી બહાર પડાયા હતા. આ માહિતીના આધારે શેરજપ્તી અંગે અને જપ્ત થયેલ શેર બહાર પાડવા અંગે કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો. 4

(c) નીચેના ઉપર નોંધ લખો : (કોઈપણ **એક**) 3

(1) સ્વેટ ઈક્વિટી શેર અંગે કંપની ધારાની જોગવાઈઓ

(2) ભાવિ ઈક્વિટી શેર

(3) પોતાના શેર પરત ખરીદવાની કંપની ધારાની જોગવાઈઓ

@geniusguruji

3. પ્રેફરન્સ શેર પરત કરવાની કંપનીધારાની કલમ 80ની જોગવાઈઓ વિસ્તારથી ચર્ચો, નીચેની હિરેન લિ.ની માહિતી પરથી તેમના ચોપડામાં જરૂરી આમનોંધ લખો :

હિરેન લિમિટેડ તેના 50,000, 12%ના રીડીમેબલ પ્રેફ. શેર્સ દરેક ₹ 10નો 10% પ્રીમિયમે પરત કરવા ઈચ્છે છે. પરત કરતાં પહેલા હિરેન લિ.ના અમુક ખાતાઓની બાકી નીચે મુજબ હતી :

| | ₹ |
|---|---|
| રોકડ અને બેંક ખાતું | 10,000 |
| નફા-નુકસાન ખાતું | 3,00,000 |
| સામાન્ય અનામત | 4,50,000 |
| રોકાણો | 20,000 |

હિરેન લિ. દ્વારા ઉપર દર્શાવેલા રોકાણો વેચાણ કિંમત ઉપર 1/3 નફો મળે તે રીતે વેચવામાં આવ્યા. કંપની દ્વારા કંપનીની પ્રેફ. શેર પરત બાદની આખરની રોકડ અને બેંકની બાકી ₹ 50,000 રાખશે. કંપની દ્વારા જરૂરી સંખ્યામાં ઈક્વિટી શેર દરેક ₹ 10નો ₹ 15ના ભાવે જાહેર જનતામાં બહાર પડાય છે. કંપનીએ તેના બહાર પાડેલ શેર ઉપર બધા જ નાણાં મેળવેલ છે. 14

**અથવા**

(a) શ્રી સચિન લિ.ની તા. 30મી જૂન, 2013ના રોજની બાકીઓ નીચે મુજબની છે :

| | ₹ |
|---|---|
| 10,000 ઈક્વિટી શેર દરેક ₹ 10નો ₹ 8 ભરપાઈ થયેલ | 80,000 |
| સામાન્ય અનામત | 20,000 |
| મૂડી પરત અનામત | 80,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 10,000 |
| સ્થિર મિલકતના પુનઃમૂલ્યાંકનથી ઉદ્‌ભવેલ નફો | 10,000 |

કંપનીની સામાન્ય સભામાં થયેલા ઠરાવ મુજબ અનામતોની બાકીમાંથી અપૂર્ણ ભરાયેલ શેરને પૂર્ણ ભરપાઈ કરવામાં આવે છે. શેરને પૂર્ણ ભરપાઈ કરાયા બાદ કંપની દ્વારા જરૂરી સંખ્યામાં ઈક્વિટી શેર દરેક ₹ 10નો ₹ 12ના ભાવે બહાર પાડવામાં આવે છે, કે જેથી કરીને કંપની પોતાના એક ઈક્વિટી પૂર્ણ ભરપાઈ શેર સામે એક પૂર્ણ ભરપાઈ થયેલ શેર બોનસ સ્વરૂપે આપી શકે. કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો. 7

(b) હર્ષ કંપનીના પાકા સરવૈયા મુજબ, કંપની પાસે 80,000 ઈક્વિટી શેર દરેક ₹ 10નો અને 6%ના ડિબેંચર ₹ 2,40,000ના છે. કંપનીની વાર્ષિક સભામાં નક્કી કરાયું કે કંપની 10% કરમુક્ત ડિવિડન્ડ રોકડેથી ચૂકવશે. (કપાતનો દર 20%) કંપની ડિબેન્ચર 3% પ્રીમિયમે પરત કરે છે. આપેલા વ્યવહારો પરથી આમનોંધ લખો. 4

(c) બોનસ શેર એટલે શું ? બોનસ વહેંચણીના કોઈપણ ત્રણ સ્ત્રોત લખો. 3

@geniusguruji

4. દેવલ લિ.નું કાચું સરવૈયું તા. 31-03-2013નું નીચે મુજબ છે : 14

| વિગત | ઉધાર બાકી | જમા બાકી |
|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | – | 1,20,000 |
| 10%ની પ્રેફ. શેરમૂડી | – | 80,000 |
| સામાન્ય અનામત | – | 40,000 |
| ડિબેન્ચર પરતનિધિ | – | 20,000 |
| જામીનગીરી પ્રીમિયમ | – | 6,000 |
| નફા-નુકસાન ખાતું (1-4-2012) | – | 10,000 |
| 10%ના ડિબેંચરો | – | 40,000 |
| ડિબેન્ચર પર વટાવ | 2,000 | – |
| 12%ની જાહેર થાપણ | – | 20,000 |
| પ્રોવિડન્ડ ફંડ અને પ્રો. ફંડમાં ફાળો | 2,000 | 10,000 |
| નહિ મંગાવેલ ડિવિડન્ડ | – | 1,600 |
| ડિબેન્ચર ઉપર ચઢેલ પરંતુ ચૂકવવાપાત્ર નહિ તેવું વ્યાજ | – | 1,000 |
| ડિબેન્ચર વ્યાજ | 4,000 | – |
| સ્થિર મિલકતો | 3,10,000 | – |
| સ્થિર મિલકતો ઉપરનું ઘસારા ભંડોળ | – | 1,10,000 |
| સ્ટોક (1-4-2012) | 1,10,000 | – |
| રોકાણો | 98,000 | – |
| દેવાદારો અને લેણદારો | 2,28,400 | 60,000 |
| રોકડા અને બેંક | 2,000 | 2,800 |
| હૂંડીઓ | 41,200 | 45,000 |
| ખરીદી અને વેચાણ | 14,90,000 | 17,98,000 |
| પરત | 20,000 | 16,000 |
| જાહેર થાપણ ઉપરનું વ્યાજ | 1,200 | – |
| આવકમાલ ગાડાભાડું | 28,800 | – |
| ભાડું કરવેરા અને વીમો | 6,000 | – |
| સ્ટેશનરી અને પોસ્ટેજ | 3,000 | – |
| જાહેરાત | 2,000 | – |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | 800 | 4,000 |
| પ્રાથમિક ખર્ચા | 2,000 | – |
| પગાર અને નહિ ચૂકવેલ પગાર | 36,000 | 3,000 |
| કુલ | 23,87,400 | 23,87,400 |

@geniusguruji

નીચેની માહિતીને ધ્યાનમાં રાખીને કંપનીધારા, 1956 મુજબ કંપનીના વાર્ષિક હિસાબો તૈયાર કરો :

(1) કંપનીની ભરપાઈ મૂડી સત્તાવાર મૂડીના 50% જેટલી છે. દરેક શેરની દાર્શનિક કિંમત ₹ 100ની છે.

(2) આખર સ્ટોકનું મૂલ્ય ₹ 1,32,100 છે. જેમાં સ્ટેશનરી સ્ટોક ₹ 1,000 સમાવાયેલ છે.

(3) સ્થિર મિલકતોની માહિતી નીચે મુજબની છે :

| વિગતો | તા. 31-3-2012 સુધીની પડતર | ઘસારો | ઘસારાનો દર |
|---|---|---|---|
| મકાનો | 50,000 | 20,000 | 10% |
| મશીનરી | 2,00,000 | 60,000 | 25% |
| વાહનો | 40,000 | 20,000 | 20% |
| ફર્નિચર | 20,000 | 10,000 | 10% |

કંપની દ્વારા ઘટતી જતી બાકીની પદ્ધતિ મુજબ ઘસારો ગણવામાં આવે છે.

(4) રોકાણોની વિગતો નીચે મુજબ છે :

- 10% ડિબેન્ચર પરત અનામત રોકાણ (1-4-2012) ₹ 20,000
- 8%ની સેન્ટ્રલ ગર્વમેન્ટની લોન (દાર્શનિક કિંમત ₹ 40,000 તા. 1-10-2012ના રોજ ખરીદાયેલ) ₹ 38,000
- કેયુર લિ.ના 800 ઈક્વિટી શેર દરેક ₹ 100નો ₹ 50 ભરપાઈ ₹ 40,000.

(5) નહિ નોંધાયેલ ઉધાર વેચાણ ₹ 2,000નું હતું. ₹ 400 ઘાલખાધ પેટે માંડી વાળવાના છે અને ઘાલખાધ અનામત 2% રાખવાની છે.

(6) 10% પ્રાથમિક ખર્ચ માંડી વાળવાના છે.

(7) ડાયરેક્ટર દ્વારા નીચે મુજબની ફાળવણી સૂચિત કરવામાં આવેલ છે :

- સામાન્ય અનામત ખાતે ₹ 20,000
- ડિબેન્ચર પરત ભંડોળ ખાતે ₹ 10,000
- ઈક્વિટી શેર ઉપર ડિવિડન્ડ 15%

**અથવા**

(a) હાર્દી લિ.ના કાચા સરવૈયામાંથી તા. 31-3-2013ના રોજ નીચેની બાકીઓ લેવામાં આવી છે : 7

| ખાતાનું નામ | ઉધાર બાકી (₹) | જમા બાકી (₹) |
|---|---|---|
| આવકવેરાની જોગવાઈ (1-4-2012) | – | 17,000 |
| અગાઉથી ચૂકવેલ આવકવેરો (1-4-2012) | 12,000 | – |
| અગાઉથી ચૂકવેલ આવકવેરો (ચાલુ વર્ષે ચૂકવાયેલ) | 18,000 | – |
| મૂળસ્થાનેથી કપાયેલ આવકવેરો | 800 | 1,200 |
| નફા-નુકસાન ખાતું (1-4-2012) | – | 24,000 |

@geniusguruji

2011-12ની આકારણી ચાલુ વર્ષે પૂરી થઈ અને આવકવેરાની જવાબદારી ₹ 19,000 નક્કી થઈ. ચાલુ વર્ષનો કંપનીનો નફો ₹ 42,000 છે. ચાલુ વર્ષના કુલ નફામાંથી 50% આવકવેરાની જોગવાઈ પેટે રાખવાના છે.

ઉપરની માહિતી તમે કંપનીના વાર્ષિક હિસાબોમાં કેવી રીતે દર્શાવશો તે જણાવો અને જરૂરી આમનોંધો લખો.

(b) નીચે આપેલ તા. 31-3-13ના રોજની કાચા સરવૈયાની બાકીઓ તથા હવાલાઓ ધ્યાનમાં લઈને કંપનીના વાર્ષિક હિસાબોમાં તેની અસર દર્શાવો : 4

| | ₹ |
|---|---|
| વેચાણ (વેચાણ વેરા સહિત) | 12,44,000 |
| ચૂકવેલ વેચાણ વેરો | 44,000 |
| ચૂકવવાનો બાકી વેચાણ વેરો | 16,000 |
| દેવાદારો | 4,50,000 |

**હવાલા :** વેચાણમાં જાંગડ પર મોકલેલ માલનો સમાવેશ થાય છે. આ માલ વેચાણ કિંમત પર 20% નફો ચઢાવીને મોકલેલ છે. તા. 31-03-2013ના રોજ ગ્રાહકોએ જણાવ્યું કે 4/5 ભાગનો માલ રાખી લીધો છે અને તેની પડતર કિંમત ₹ 40,000 છે.

(c) "અવાસ્તવિક મિલકતો" અને "સંશયિત દેવા" દરેકના ત્રણ ઉદાહરણ આપો. 3

5. નીચે આપેલ દરેક હેતુલક્ષી પ્રશ્નના એક કરતાં વધારે જવાબો આપેલા છે. જેમાંથી સાચો જવાબ પસંદ કરી જરૂરી ગણતરી અને ખુલાસા સાથે લખો : (કોઈપણ **સાત** લખો) 14

(1) જામીનગીરી પ્રીમિયમ નીચેનામાંથી શેના માટે ઉપયોગ ન લઈ શકાય ?

(a) બોનસ શેર બહાર પાડવા માટે

(b) પ્રાથમિક ખર્ચના માંડવાળ માટે

(c) પ્રેફરન્સ શેર પરત કરવા માટે

(d) વટાવે બહાર પાડેલ શેરની માંડવાળ માટે

(2) રામ લિ.ની ભરાયેલી શેરમૂડી ₹ 80,00,000, દરેક ₹ 100નો એક એમ વહેંચાયેલી છે. છેલ્લો હપ્તો મંગાવાયો ત્યાં સુધી કોઈ શેર ઉપર "નહિ ચૂકવાયેલ હપતા" ન હતા. જો છેલ્લો હપતો 77,500 શેર ઉપર મંગાવાયેલ અને ચૂકવાયેલ હોય અને જો નહિ ચૂકવાયેલ હપ્તાની રકમ ₹ 62,500 હોય, તો છેલ્લા હપતાની શેરદીઠ રકમ કેટલી હશે ?

(a) ₹ 25 (b) ₹ 7.80

(c) ₹ 20 (d) ₹ 62.5

(3) પિન્કુશ લિ.ની માહિતી આ મુજબની છે :

મંગાવાયેલ ઈક્વિટી શેરમૂડી ₹ 5,00,000, અગાઉથી મળેલ હપ્તા ₹ 25,000, નહીં મળેલ હપ્તા ₹ 40,000, જે સૂચિત ડિવિડન્ડ 15%, તો ચૂકવવાપાત્ર ડિવિડન્ડ કેટલું થાય ?

(a) ₹ 75,000 (b) ₹ 72,750

(c) ₹ 71,250 (d) ₹ 69,000

(4) અભિષેક લિ.ની સત્તાવાર મૂડી ક્યુમ્યુલેટીવ પ્રે. શેર અને ઈક્વિટી શેરની બનેલ છે. 5%ના ક્યુમ્યુલેટીવ પ્રે.શેરની મૂળ કિંમત ₹ 100 છે અને ઈક્વિટી શેરની મૂળ કિંમત ₹ 10 છે. વર્ષ 2011-12 અને 2012-13ના અંતમાં ક્યુમ્યુલેટીવ પ્રે. શેર ખાતાની બાકી ₹ 2,00,000 અને ઈક્વિટી શેરની બાકી ₹ 5,00,000 હોય અને જો જાહેર કરેલ ડિવિડન્ડ અનુક્રમે ₹ 8,000 અને ₹ 15,000, વર્ષ 2011-12 અને 2012-13માં હોય, તો વર્ષ 2012-13માં કંપની દ્વારા ઈક્વિટી શેરહોલ્ડરોને ચૂકવાયેલ ડિવિડન્ડની રકમ

(a) ₹ 3,000 (b) ₹ 5,000
(c) ₹ 10,000 (d) ₹ 12,000

(5) સેબીના નિર્દેશનો મુજબ શેર બહાર પાડતી વખતે અરજીના નાણાં શેનાથી ઓછા ન હોવા જોઈએ ?

(a) શેરની દાર્શનિક કિંમતના 2.5%થી
(b) શેરની બહાર પાડેલ કિંમતના 2.5%થી
(c) શેરની દાર્શનિક કિંમતના 25%થી
(d) શેરની બહાર પાડેલ કિંમતના 25%થી

(6)

| વિગતો | ઉધાર | જમા |
|---|---|---|
| 6%ના ડિબેન્ચર ખાતું | – | 3,00,000 |
| ડિબેન્ચર વ્યાજ ખાતું | 6,000 | – |

"ડિબેન્ચર બાકી વ્યાજ ખાતે" કઈ રકમ પાકા સરવૈયામાં દર્શાવાશે ?

(a) ₹ 6,000 (b) ₹ 12,000
(c) ₹ 18,000 (d) ₹ 24,000

(7) કંપનીનો સરેરાશ સ્ટોક ₹ 8,000, શરૂઆતનો સ્ટોક ₹ 6,000, ચોખ્ખી ખરીદી ₹ 2,00,000 અને જો કંપની વેચાણ ઉપર 20% નફો લેતી હોય, તો વેચાણની રકમ કેટલી થાય ?

(a) ₹ 2,35,200 (b) ₹ 2,45,000
(c) ₹ 1,96,000 (d) ₹ 2,50,000

(8) કંપની દ્વારા એક સ્થિર મિલકત તા. 01-04-2010ના રોજ ખરીદાઈ હતી. કંપની 15%ના દરે "ઘટતી જતી બાકીની પદ્ધતિ" મુજબ ઘસારો માંડી વાળે છે. તા. 31-03-2013ના રોજ ઘસારા બાદની કિંમત ₹ 12,28,250 હોય, તો મિલકતની "મૂળકિંમત" કેટલી થાય ?

(a) ₹ 25,00,000 (b) ₹ 22,00,000
(c) ₹ 20,00,000 (d) ₹ 19,50,000

(9) ઉમંગ કંપનીના ચોપડા મુજબ દેવાદારના ખાતાની શરૂઆતની બાકી ₹ 25,000ની હતી. વર્ષ દરમ્યાનનું ઉધાર વેચાણ ₹ 5,50,000, વર્ષ દરમ્યાન દેવાદારો પાસેથી વસૂલેલ રકમ ₹ 2,50,000ની હતી. જો ઘાલખાધનો દર 5% હોય, તો ઘાલખાધની રકમ કેટલી થાય ?

(a) ₹ 16,250 (b) ₹ 25,000
(c) ₹ 12,500 (d) ₹ 15,250



@geniusguruji